# શ્રી ગોઝારિયા કેળવણી મંડળ

ગોઝારિયા, તા.જિ. મહેસાણા

રજી.નં. ઈ-૪૬૯ મહેસાણા તા. ૧૧-૨-૧૯૫૩

## શ્રી જોઈતારામ સોમદાસ મોહનદાસ પટેલ એજ્યુકેશન કેમ્પસ




તા. ૧-૪-૨૦૨૦ થી તા. ૩૧-૩-૨૦૨૧

- આ સંસ્થામાં મળેલ દાન ૮૦G(5) મુજબ ઇન્કમટેક્ષ માફીને પાત્ર છે.
- આ રિપોર્ટ સાધારણ સભાની મંજૂરીની અપેક્ષાએ.

# શ્રી ગોઝારિયા કેળવણી મંડળ, ગોઝારિયા સંચાલિત
# નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા તેવીસમો વાર્ષિક અહેવાલ : ૨૦૨૦-૨૧

મોટાભાગે ઉચ્ચ શિક્ષણની સગવડ શહેરમાં હોય છે અને તે પણ સંયુક્ત (ભાઈઓ અને બહેનો) હોય છે. જેના કારણે ગ્રામીણ વિસ્તારની બહેનોના વાલીઓ પોતાની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ માટે શહેરમાં મોકલવા તૈયાર હોતા નથી. આથી ગ્રામીણ વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેવું પડતું, તેમજ નબળી આર્થિક સ્થિતિવાળા વાલીઓ માટે દીકરીના ઉચ્ચ શિક્ષણનો ભાર વહન કરવો શક્ય ન બનતો. જેથી ઉચ્ચ શિક્ષણની ઈચ્છા હોવા છતાં દીકરીઓ હાઈસ્કૂલ શિક્ષણ પછી અભ્યાસ છોડી દેતી. આવી દીકરીઓને શિક્ષિત કરી સુસંસ્કૃત સમાજનું નિર્માણ કરવા અને ગ્રામીણ દીકરીઓને રોજગારી મળી રહે તે હેતુથી આજથી ત્રેવીસ વર્ષ પહેલાં શ્રી ગોઝારિયા કેળવણી મંડળે નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયાની સ્થાપના કરી સાચા અર્થમાં શિક્ષણની જ્યોત જલાવી. નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજમાં ચાલુ વર્ષે ગોઝારિયાની આજુબાજુના ચાલીસગામની દીકરીઓ આ કોલેજમાં અભ્યાસ કરી રહી છે. કોલેજનો વર્ષ : ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં હર્ષની લાગણી અનુભવું છું.

k **કોલેજની વિદ્યાર્થિનીઓની સંખ્યા (વર્ષ - ૨૦૨૦-૨૧)**

| વર્ગ | સામાન્ય | બક્ષીપંચ | અનુ.જાતિ | અનુ. જનજાતિ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેમ-૧ (એફ.વાય) | ૧૭ | ૮૧ | ૦૪ | ૦૨ | ૧૦૪ |
| સેમ-૩ (એસ.વાય) | ૨૯ | ૯૩ | ૧૧ | -- | ૧૩૩ |
| સેમ-૫ (ટી.વાય) | ૧૮ | ૫૦ | ૧૧ | -- | ૭૯ |
| કુલ સંખ્યા | ૬૪ | ૨૨૪ | ૨૬ | ૦૨ | ૩૧૬ |

અમારી કૉલેજમાં સ્થાપના કાળથી જ મુખ્ય વિષય તરીકે ગુજરાતી, સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી તેમજ ગૌણ વિષયો તરીકે ગુજરાતી, સંસ્કૃત , હિન્દી, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર વિષયો ભણાવાય છે. આ ઉપરાંત કોમ્પિટિટિવ એકઝામ્સ અને સામાજિક રીતે ઉપયોગી બની રહે તેવા ઈલેક્ટિવજેનરીક (વૈકલ્પિક) વિષયોમાં ભારતનું બંધારણ (સેમ-૧), ભારતની ભૂગોળ (સેમ-૨), ડીઝાસ્ટર મેનેજમેન્ટ (સેમ-૩), ગુજરાતનો સાંસ્કૃતિ વારસો (સેમ-૪), ભારતનો ઈતિહાસ (સેમ-૫) અને ભારતની આદિવાસી સંસ્કૃતિ (સેમ-૬) જેવા વિષયો અભ્યાસક્રમમાં રાખવામાં આવ્યા છે.

k **આર્થિક સહાય :**

સરકાર તરફથી બક્ષીપંચ, અનુ.જાતિ અને અનુ. જનજાતિની વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ સામાન્યવર્ગની ગરીબ વિદ્યાર્થિનીઓને પણ કોલેજ તરફથી ફી ભરવામાં આવે છે અને જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને આર્થિક સહાય પણ કરવામાં આવે છે.

k **સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ :-**

ચાલુ વર્ષે કોરોનાની મહામારીને કારણે કૉલેજમાં ઓનલાઈન અભ્યાસની સાથે વિદ્યાર્થિનીઓને ગહન જ્ઞાન અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી વિવિધ વિષય નિષ્ણાતોના ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું.

k **ઓનલાઈન સ્વાગત સમારંભ :-**

તા. ૧૫-૭-૨૦૨૦ ના રોજ કૉલેજમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિનીઓનો ઓનલાઈન સ્વાગત સમારોહ યોજવામાં આવ્યો જેમાં વિદ્યાર્થિનીઓને માઈક્રોસોફ્ટ ટીમ દ્વારા કેવી રીતે શિક્ષણ મેળવવાનું છે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી.

k **વેબિનાર :-**

● તા. ૨૮-૫-૨૦૨૦ના રોજ નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ ગોઝારિયા અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે " આત્મ નિર્ભર યુવા-આત્મ નિર્ભર ભારત" વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. આશાબેન દવેએ અંદર રહેલ કૌશલ્યને વ્યવસાયસ્વરૂપે પરિવર્તિત કરવાનું આહ્વાન આપ્યું. આઈ.ટી.આઈ. સુપ્રિટેન્ડન્ટ શ્રી સંજયભાઈ કે. પટેલે આઈ.ટી.આઈ.ના અનેકવિધ કોર્સ દ્વારા જીવનને ઉત્તમ બનાવવા પ્રેરણા આપી આચાર્યાશ્રી ગાયત્રીબેન સી. બારોટે ઉત્તમ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી.

● તારીખ ૧૪-૮-૨૦૨૦ના રોજ ઓનલાઈન પરીક્ષા માર્ગદર્શન વેબિનાર યોજાયો" કોવિડ-૧૯ને કારણે યોજાનાર ઓનલાઈન પરીક્ષા માટે સેમ-૬ની વિદ્યાર્થીનીઓની મૂંઝવણ દૂર કરવા માટે આ વેબિનાર યોજાયો. જેમાં ડૉ. એસ. જી. પટેલ સાહેબે વિદ્યાર્થીનીઓને અપડેટ રહેવા તેમજ ઓનલાઈન પરીક્ષા માટે કેવી રીતે તૈયારી કરવી તે માટે પ્રેરણા આપી. ડૉ. ટી. આર. પંડ્યા સાહેબે ઓનલાઈન પરીક્ષા માટે કુશળતા કેળવવા, સમયસુચકતા વાપરવા સમજાવ્યું તેમજ ઉદાહરણ રૂપે ઓનલાઈન પરીક્ષા માટે મોક ટેસ્ટ લેવામાં આવ્યો.

● તારીખ ૨૫-૧૨-૨૦૨૦ના રોજ ગીતાજયંતિ નિમિત્તે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નેત્રંગ અને નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયાના સંયુક્ત ઉપક્રમે જ્ઞાન ધારા અંતર્ગત "આધુનિક યુગમાં ગીતા" વિષયક નેશનલ વેબિનાર યોજાયો. જેમાં ડૉ. ઓમ. પ્રી. શ્રીવાસ્તવ. મહાત્મા ગાંધી વિદ્યાપીઠ યુનિવર્સિટી. વારાણસી, ડૉ. આર. પી. પ્રતાપસિંહ, જવાહરલાલ યુનિવર્સિટી, ન્યુ દિલ્હી, ડૉ. મહેન્દ્રભાઈ દવે, સોમનાથ યુનિવર્સિટી, તજજ્ઞો દ્વારા કોરોનાની વિકટ પરિસ્થિતિમાં પણ સ્થિતપ્રજ્ઞ બની દરેક સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવી શકાય, માનસિક, શારીરિક, આર્થિક, ધાર્મિક તમામ પાસાઓને આવરી લઈને ગહન ચર્ચા કરવામાં આવી હતી.

k **CWDC :**

મહિલા સુરક્ષાદિનની ઉજવણી નિમિત્તે તારીખ ૧-૮-૨૦૨૦ના રોજ ઓનલાઈન સ્વબચાવ તાલીમનું આયોજન કરવામાં આવ્યું. કલગી જે પટેલ કે જેઓ કરાટે કોચ છે. તેમજ નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ ગોઝારિયાની સેમ.-૧ ની વિદ્યાર્થીની છે. તેણે આત્મરક્ષણ માટેની તાલીમ વિદ્યાર્થિની બહેનોને આપી તથા પોતાના રક્ષણ માટે હંમેશા સજાગ રહેવા જણાવ્યું.

- તારીખ ૧૩-૨-૨૦૨૧ના રોજ સેનેટરી પેડ મશીનનું ઓપનિંગ કરવામાં આવ્યું. તથા સેનેટરીપેડની જીવનમાં ઉપયોગીતા વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરાવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે કે. કે. ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલના શિક્ષિકા રેખાબેન બી. ચૌધરી અને વ્યાખ્યાતા તરીકે નયનાબેન કે. બુંબડિયા પધાર્યા હતા.
- તારીખ ૮-૩-૨૦૨૧ના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય મહેમાન તરીકે કે. કે. ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્યશ્રી મુકેશભાઈ લિમ્બાચિયા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ સશક્તિકરણ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ મહિલા સન્માનના પ્રતિકરૂપે આચાર્યશ્રી મુકેશભાઈ લિમ્બાચિયા દ્વારા કૉલેજના આચાર્યાશ્રી ડૉ. ગાયત્રીબેન બારોટને તથા સમગ્ર સ્ટાફના મહિલા કર્મચારીઓને શાલ ઓઢાળીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

k **કલા કૌશલ્ય ધારા :**

તારીખ ૨૦-૨-૨૦૨૧ના રોજ રંગોળી અને મ્હેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજની ૪૩ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક શ્રી રિપલબેન પટેલ અને ડૉય નરેન્દ્રભાઈ પ્રજાપતિ દ્વારા મ્હેંદી સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિદ્યાર્થિનીઓ (૧) પ્રજાપતિ રિમ્પલબેન (૨) ઠાકોર ભારતીબેન (૩) રાવળ સપનાબેન (૩) ચાવડા ધ્રુવલબેન અને રંગોળી સ્પર્ધામાં પ્રથમ ત્રણ (૧) ઠાકોર પૂનમબેન (૨) ઠાકોર વર્ષાબેન (૩) ઠાકોર મિત્તલબેનને નંબર આપવામાં આવ્યા હતા.

- તારીખ ૩-૩-૨૦૨૧ના રોજ કેશ ગુંફન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજની ૧૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક શ્રી રિપલબેન પટેલ અને ડૉ. સોમાભાઈ પટેલ દ્વારા સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીનીઓ (૧) રાવળ કોમલ (૨) દવે રંજન (૩) રાવળ સપનાબેનની પસંદગી કરવામાં આવી.

k **જ્ઞાન ધારા :-**

તારીખ ૫-૮-૨૦૨૦ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા 'વિશ્વ સંસ્કૃત દિન' ઉજવાયો. શ્રાવણ માસની પૂર્ણિમાને વિશ્વ સંસ્કૃત દિન માનવામાં આવે છે. તે અંતર્ગત સંસ્કૃત સપ્તાહ સંસ્કૃત રસિકો દ્વારા

ઉજવાય છે. એમ. એન. કૉલેજ વિસનગરના સંસ્કૃત વિભાગીય અધ્યાપિકા ડૉ. ગીતાબા ચાવડા જેમાં અતિથિ વિશેષ તરીકે જોડાયા. તેમણે વિદ્યાર્થીની બહેનોને સંસ્કૃત અનુરાગ કેળવી પ્રગતિ માટે આશીર્વચન પાઠવ્યા. સંસ્કૃત વિભાગીય અધ્યાપક ડૉ. નટવરભાઈ દસલાનીયા સાહેબે સંસ્કૃતની મહત્તા સમજાવી, તેનું પ્રાથમિક જ્ઞાન ખૂબ જ જરૂરી છે તેમ સમજાવ્યું. ડૉ. ગાયત્રીબેન સી. બારોટે આર્યભાષા, દેવભાષા માટે અહોભાવ પ્રગટ કરીને વૈદિકકાળથી પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનું વિહંગાવલોકન કરાવ્યું. વેદો, બ્રાહ્મણ ગ્રન્થો, આરણ્યકો, ઉપનિષદોથી શરૂ કરીને અર્વાચીન કૃતિઓની ચર્ચા કરી. રોજબરોજના જીવનમાં બોલતા સંસ્કૃત શબ્દો, જીવનજરૂરી ચીજવસ્તુના સંસ્કૃત, આહાર, વસ્ત્રો...ને લગતા સંસ્કૃત શબ્દોનો વિદ્યાર્થિની બહેનોને પરિચય કરાવી, સંસ્કૃત સંભાષણ માટે પ્રેરણા આપી.

- તારીખ ૧૫-૧૦-૨૦૨૦ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત સામાન્ય જ્ઞાન કસોટીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્કૃત વિષયની સેમ-૩ અને સેમ-૫ ની કુલ ૩૨ વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. દેવવાણી સંસ્કૃત ભાષાના વિવિધ વિષયો જેમ કે વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, પુરાણો, મહાભારત, શ્રીમદ્ ભગવદ ગીતા... ને તેમાં આવરી લેવાયા.

k **ગીત સંગીત ધારા :-**

ગીત સંગીત ધારા અંતર્ગત તારીખ ૨૦-૧૦-૨૦૨૦ના રોજ ઓનલાઈન ગરબા ગાન સ્પર્ધાનું આયોજન કરાવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યાશ્રી ગાયત્રીબેન બારોટે વિદ્યાર્થિની બહેનોને નવરાત્રીની શુભેચ્છાઓ પાઠવી, કાર્યક્રમને ખુલ્લો મુક્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ડી. એમ. વાઘેલા તેમજ ડૉ. ટી.ડી.રાવલ દ્વારા કરવામાં આવ્યું. તથા ડૉ. ટી. આર. પંડ્યા દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું. તેમજ તકનીકી સહાયકની જવાબદારી ડૉ. એચ. એમ. પટેલે નિભાવી. નિર્ણાયકની ભૂમિકા રક્ષાશક્તિ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. દિપકભાઈ એલ. પટેલે ભજવી હતી. આ સ્પર્ધામાં કોલેજની ૨૧ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. જેમને ઈ.સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા. તેમજ સમગ્ર સ્ટાફમિત્રો એ પણ કાર્યક્રમને સફળ બનાવવા રસતરબોળ કરે એવા ગરબાઓનું ગાન પણ કર્યું હતું.

k **હિન્દી દિનની ઉજવણી :-**

તારીખ ૧૪-૯-૨૦૨૦ના રોજ હિન્દી વિભાગ દ્વારા હિન્દી દિનની ઉજવણી નિમિત્તે ''નયી શિક્ષા નીતિ મેં હિન્દી કા ભવિષ્ય ઔર સ્વરોજગાર કી ઉપલબ્ધિયા'' વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય વક્તા તરીકે પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ પાટણના હિન્દી વિભાગાધ્યક્ષ ડૉ. અર્જુનભાઈ તડવી સાહેબે ભૂમિકા ભજવી હતી. આ વેબીનારમાં સમગ્ર સ્ટાફ અને અન્ય ૬૮ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

k **NSS**

તારીખ ૨૧-૬-૨૦૨૦ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કોરોના મહામારીના કારણે કૉલેજ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીનીઓ દ્વારા સામાજિક અંતરને ધ્યાનમાં રાખીને ઘરે જ યોગા કરવામાં આવ્યા. તેમજ યોગ દ્વારા કોરોનાને હરાવીશું એવો ઓનલાઈન દ્વારા સંકલ્પ લેવામાં આવ્યો.

- તારીખ ૧૫-૭-૨૦૨૦ના રોજ NSS ના પ્રોગ્રામ ઓફિસરો દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું તથા સમગ્ર સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીનીઓ દ્વારા પોતાના જ વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- તારીખ ૧૫-૮-૨૦૨૦ના રોજ ભારતદેશમાં આવી પડેલી કોરોના વાઈરસ રૂપી વૈશ્વિક મહામારીને કારણે સૌશ્યલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખીને ૭૪ મા સ્વાતંત્રય પર્વની ઉજવણીના ભાગરૂપે કોરોનાચેપ મુક્ત રહેવા માટે શ્રી જયનારાયણભાઈ રાઓલ દ્વારા આપવામાં આવેલ માસ્ક વહેંચવામાં આવ્યા.
- તારીખ ૨૪-૯-૨૦૨૦ના ૫૧ મા NSS દિવસની ઉજવણીના ભાગરૂપે કોરોના વાઈરસરૂપી વૈશ્વિક મહામારીનો સામનો કરવા માટે વિદ્યાર્થીનીઓને અને કેટલાક ગામવાસીઓને આયુર્વેદિક દવાની ગોળીઓ વહેંચવામાં આવી.
- તારીખ ૧-૧૨-૨૦૨૦ના રોજ વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે એઈડ્સ અંગે જાગૃતતા લાવવા અને એઈડ્સના રોગથી પીડાતા દર્દીઓને રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવે છે તે અંગેનું માર્ગદર્શન આપતું સાહિત્ય વિદ્યાર્થિનીઓને આપવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફિસરે વિદ્યાર્થીનીઓને એઈડ્સને લગતા પુસ્તકોમાંથી માહિતી આપી અને એઈડ્સના પુસ્તકો વાંચવા આપ્યા.
- તારીખ ૧૩-૧-૨૦૨૧ના રોજ 'સંબંધનો સેતુ' કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ અંતર્ગત સરપંચ સન્માન સમારોહ, કપડા યજ્ઞ અને ફિલ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિવેણી સંગમ સમાન કાર્યક્રમમાં ગોઝારિયા અને તેની આસપાસની ગામ પંચાયતનાં સરપંચશ્રીઓને સન્માનિત કરવામાં આવ્યા. કપડા યજ્ઞ, કપડા એકત્રીકરણ અને વિતરણ કાર્યક્રમમાં પધારેલા સરપંચશ્રીઓના હસ્તે પ્રતિક સ્વરૂપે જરૂરિયાતમંદ કેટલીક વિદ્યાર્થીનીઓને વસ્ત્ર ભેટ આપવામાં આવ્યા. જ્યારે ફિલ્મ શિબિર ઉપક્રમે સામાજિક જીવનમાં હકારાત્મક માહોલના નિર્માણની ભૂમિકા અને નારી જાગરણ જેવા વિચારો રજૂ કરતી ફિલ્મ ' મેડમ ગીતા રાની' અને 'હેલ્લારો' બતાવવામાં આવી હતી.
- તારીખ ૧૪-૧-૨૦૨૧ ઉત્તરાણ નિમિત્તે 'સભાનતા અને કરૂણાઅભિયાન' અંતર્ગત ઉત્તરાયણના દિવસે સવારે અને સાંજે તથા ચાઈનીઝ દોરીથી પતંગ ન ચગાવવા, મોટા અવાજે ગીતો ન વગાડવા

અને ઘાયલ પક્ષી દેખાય તો ઈમરજન્સી સર્વિસ નંબર પર કે નજીકના પશુ સારવાર કેન્દ્રમાં જાણ કરવા વિનંતી કરાઈ. તેમજ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણે સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીનીઓએ તેમના ઘર, મહોલ્લા અને ગામમાં દોરીના ટૂકડા, ગૂંચો જ્યાં પણ દેખાય ત્યાંથી દોરી દૂર કરી તેનો નાશ કર્યો.

- તારીખ ૨૩-૧-૨૦૨૧ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫ મી જન્મ જયંતિ નિમિત્તે વિદ્યાર્થીની બહેનોને આચાર્યશ્રી તથા NSS ના પ્રોગ્રામ ઓફિસર દ્વારા સુભાષચંદ્ર બોઝના જીવન ચરિત્ર અને આઝાદીની ચળવળની માહિતી આપી હતી ત્યારબાદ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તારીખ ૨૫-૧-૨૦૨૧ના રોજ કૉલેજ લાયબ્રેરીમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નિમિત્તે 'નૈતિક મતદાન સંકલ્પ' યોજવામાં આવ્યો. ચૂંટણીમાં અચૂક નૈતિક મતદાન કરીએ અને અન્યોને પણ મતદાન કરવા પ્રેરિત કરી આવનાર ચૂંટણી પર્વને ઉજવવા આહવાનન કરવામાં આવ્યું હતું. NSS ના પ્રોગ્રામ ઓફિસર દ્વારા વિદ્યાર્થીનીઓને અને સમગ્ર સ્ટાફને નૈતિક મતદાન સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. ડૉ. સોમાભાઈ પટેલે ચૂંટણીઓમાં વ્યાપેલ ભ્રષ્ટાચાર અને બજાવવાની નૈતિક ફરજો વિશે ડૉ. વિમળાબેન ચૌહાણે આપણા હકો અને ચૂંટણીમાં બજાવવાની ફરજો વિશે આચાર્યાશ્રી ડૉ. ગાયત્રીબેન બારોટે નજીક ભવિષ્યમાં આવી રહેલી નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભજવવાની ભૂમિકા થી વિદ્યાર્થીનીઓને અવગત કરી હતી.
- તારીખ ૧૯-૨-૨૦૨૧ના રોજ ભારત સરકાર દ્વારા નેશનલ રોડ સેફ્ટી મંથ ૨૦૨૧ ઉજવણી નિમિત્તે તા. ૧૮-૧-૨૦૨૧ થી તા. ૧૭-૨-૨૧ દરમિયાન કોલેજની NSS ની વિદ્યાર્થીનીઓને પોતાના ગામમાં માર્ગ સલામતી અંગે લોકજાગૃતિ ફેલાવવાના અભિયાન અર્થે મોકલવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત તેમને થયેલા અનુભવો અને કૉલેજના અધ્યાપકો દ્વારા માર્ગ સલામતી વિષય પર વ્યાખ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યાપકો દ્વારા માર્ગ અકસ્માત અને નિવારણ વિશે, ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવવાની અને ટ્રાફીક સિગ્નલ વિશે, હેલ્મેટ પહેરી દ્વિચક્રીય વાહન ચલાવવાની સોનેરી શિખામણ આપવામાં આવી હતી.
- તારીખ ૨૫-૨-૨૦૨૧ના રોજ મતદાન જાગૃતિ કાર્યક્રમ અને રેલી યોજાઈ જેમાં કોલેજના અધ્યાપકો દ્વારા યુવા મતદાર વિદ્યાર્થીનીઓ વધુમાં વધુ મતદાન કરે, તેમજ તેમના ગામના લોકોમાં મતદાન જાગૃતિ લાવે અને ગામના લોકો પાસે વધુમાં વધુ મતદાન કરાવે તેમજ દરેક વિદ્યાર્થીનીઓને પોતાના મત વિસ્તારમાં વધુ મતદાન થાય તેવી જાગૃતિ લાવવા સમજાવ્યું હતું. આ જનજાગૃતિ રેલીમાં ૭૭ વિદ્યાર્થીનીઓ અને કોલેજનો સમગ્ર સ્ટાફ જોડાયો હતો.

- તારીખ ૧૩-૩-૨૦૨૧ના રોજ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત 'સ્વાતંત્ર્ય સંગ્રામની આબોહવામાં મહિલા સ્વાતંત્ર્ય સેનાનીઓનો ફાળો' વિષયક વ્યાખ્યાન યોજાયું આત્મન ફાઉન્ડેશનના સ્થાપક પ્રજ્ઞાબેન પટેલે સ્વાતંત્ર્યતામાં મહિલાઓના પ્રદાનથી વિદ્યાર્થીનીઓને અવગત કરી.
- તારીખ ૯-૩-૨૦૨૧ના રોજ ઓનલાઈન ક્વીઝ અને નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કોલેજના વડા ડૉ. ગાયત્રીબેન બારોટ દ્વારા ઓનલાઈન મહિલા સશક્તિકરણ ક્વીઝની લિંક ખુલ્લી મુકવામાં આવી. ત્યારબાદ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આ ક્વિઝમાં ૧૨૪ જણે ભાગ લઈને E-Certificate મેળવ્યા હતા. ત્યારબાદ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીનીઓ (૧) હિરલ છનાજી ઠાકોર (૨) નિકીતાબેન બાબુજી ઠાકોર (૩) ઉર્મિલાબેન ભૂપેન્દ્રકુમાર ઠાકોરે નંબર પ્રાપ્ત કર્યા.
- તારીખ ૬-૪-૨૦૨૧ના રોજ નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ ગોઝારિયાના NSS યુનિટ તથા આખજ આરોગ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે "કોરોના રસીકરણ અભિયાન" નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગોઝારિયા કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓના કર્મચારી અને ગોઝારિયાના ગામ વાસીઓના રસીકરણનો કાર્યક્રમ યોજાયો જેમાં કુલ ૫૦ વ્યક્તિઓએ રસીકરણનો લાભ લીધો હતો. કોલેજના આચાર્યશ્રીએ જણાવ્યું કે સરકાર પોતાના પ્રજાજનોને નિશુલ્ક રસી આપી રહી છે ત્યારે આપણે સહું હોંશે હોંશે વેક્શિન લઈ, અન્યને રસી લેવા પ્રેરિત કરીએ. સમગ્ર કાર્યક્રમ પ્રાથમિક આરોગ્યકેન્દ્ર આખજના પેટા આરોગ્યકેન્દ્ર ગોઝારિયાના કર્મચારી રોશનભાઈ એસ. પટેલ અને નિકિતાબેન રાજપૂતના સહકારથી અને NSS પ્રોગ્રામ ઓફિસરોના પ્રયત્નોથી સફળ બન્યો હતો.
- તારીખ ૧૫-૪-૨૦૨૧ના રોજ બાબસાહેબ આંબેડકરની ૧૩૦ મી જન્મ જયંતિની ઉજવણી ઓનલાઈન ક્વિઝ દ્વારા કરવામાં આવી. કોલેજના આચાર્યાશ્રી ડૉ. ગાયત્રીબેન બારોટ દ્વારા તા. ૧૫-૪-૨૧ થી તા. ૧૬-૪-૨૦૨૧ સુધી ઓનલાઈન ક્વિઝ ખુલ્લી રાખવામાં આવી હતી. ક્વિઝની પ્રસ્તુતતા નરેન્દ્રકુમાર પ્રજાપતિએ કરી. જેમાં વિવિધ સંસ્થાઓના ૨૪૧ જણાએ ભાગ લઈને ઓનલાઈન સર્ટિફિકેટ મેળવ્યા હતા.

k **ગાંધી જયંતિની ઉજવણી :-**

તારીખ ૧-૧૦-૨૦૨૦ના રોજ મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી જીવન પથઃ સંવાદ અને આચરણ બેઠક યોજાઈ સોશ્યલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખીને શરૂઆતમાં કોલેજની લાયબ્રેરીમાં ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ ગાંધીજીના સ્વચ્છતાલક્ષી વિચારો અને ગાંધીજી વિષયક પુસ્તકોમાંથી બે વાતો જીવનમાં વણાય તો કેવું ! તે વિશે વાત કરીને ગાંધી વિચારનું વાંચન કરવા જણાવ્યું. શ્રી નરેન્દ્રકુમાર પ્રજાપતિએ

બહેનોને અંતરિયાળ ગામોમાં બાળકોનું ચારિત્ર્ય ઘડતર, ઓર્ગેનિક ખેતી અને પશુપાલનનો વ્યવસાયને ઉન્નત કરવાનું ગામ વાસીઓને માર્ગદર્શન આપી શિક્ષણ, સ્વાસ્થ્ય અને સમાજ સુધારણાનું કામ કરી ગાંધી વિચારધારા મુજબ માનવ સેવામાં કાર્યરત થવા આહવાન કર્યું.

- તારીખ ૨-૧૦-૨૦૨૦ થી તા. ૭-૧૦-૨૦૨૦ સુધી NSS અને સંસ્કૃત વિભાગ દ્વારા ગાંધીજયંતિ વિષય પર ઓનલાઈન ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨૮ લોકોએ ભાગ લીધો તેમજ ઓનલાઈન સર્ટિફીકેટ મેળવ્યા હતા.

k **દ્વિ દિવસીય શિબિર :-**

NSS યુનિટ દ્વારા દ્વિ દિવસીય શિબિરનું આયોજન કરી તારીખ ૧૦-૧૦-૨૦૨૦ના રોજ કોરોના સામે લોકોમાં જનજાગૃતિ લાવવા માટે હાલ માસ્ક જ કોરોનાની વેક્સિન છે અને ડિસ્ટન્સ રાખીને ચાલો અભિયાન અંતર્ગત સાલડી ગામે સવારે ૧૦-૦૦ કોરોના જાગૃતિ અંગેના પ્લેકાર્ડ અને સૂત્રોચ્ચાર સાથે સાલડી ગામ પંચાયતના ઉપસરપંચશ્રી મહાદેવભાઈ દેસાઈ અને વોર્ડના સભ્યો સાથે રેલી યોજવામાં આવી હતી. જ્યારે વડસ્મા ગામે સાંજે ૫-૦૦ વાગે વડસ્માના સન્માનીય પુરુષ બકા બાપાના સહયોગથી જન જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. તારીખ ૧૧-૧૦-૨૦૨૦ના રોજ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો ગામમાં રક્તદાનને લોકો પોતાની સામાજિક ફરજ સમજી બ્લડ ડોનેટ કરે એવી અપીલ નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજના NSS યુનિટ દ્વારા કરવામાં આવી હતી. તેમજ વડસ્મા ગામના તળાવ કિનારે એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ, શેરથાના સહયોગથી તારીખ ૧૧-૧૦-૨૦૨૦ને રવિવારે સવારે ૮-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધી વડનું વાવેતર કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. સાથે સાથે ચકલી બચાવો અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું જેમાં 'ચકલી ઘરો' લગાવવામાં આવ્યા હતા અને કેટલાક 'ચકલી ઘરો'નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

k **સરદાર પટેલ જયંતિની ઉજવણી :-**

સરદાર પટેલની ૧૪૫ મી જન્મજયંતિ નિમિત્તે સરદાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જેના ભાગરૂપે તારીખ ૨૬-૧૦-૨૦૨૦ થી ૩૧-૧૦-૨૦૨૦ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. તારીખ ૨૬-૧૦-૨૦૨૦ના રોજ કોલેજના આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટ દ્વારા ઓનલાઈન સરદાર ક્વિઝની લિંક શેર કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ક્વિઝમાં ૪૫૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પાસ થનાર સ્પર્ધકોને ઓનલાઈન સર્ટિફીકેટ આપવામાં આવ્યા. તારીખ ૨૭-૧૦-૨૦૨૦ના રોજ કોલેજ ખાતે 'સરદાર પટેલ' પુસ્તક પ્રદર્શન અને ફોટો ગેલેરીનું આયોજન

કરવામાં આવ્યું હતું. સરદારના જીવન અને કવન પર આધારિત પુસ્તક પ્રદર્શન અને રેર ફોટોગ્રાફસની આ ગેલેરીનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ અને ગામ વાસીઓએ લીધો હતો. તા. ૨૮-૧૦-૨૦૨૦ ના રોજ 'વેસ્ટમાંથી બેસ્ટ અને માટીકામ'ની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવતા પોતાના વિડિયો અને નમૂના ઓનલાઈન શેર કર્યા હતા. તારીખ ૨૯-૧૦-૨૦૨૦ના રોજ 'આઝાદીની ચળવળમાં ગાંધી, સરદાર, સુભાષ અને નેહરૂની ભૂમિકા' પર ડૉ. ભરતભાઈ બી. પટેલના વ્યાખ્યાનનો કાર્યક્રમ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે આયોજિત થયો હતો. આ કાર્યક્રમમાં ઓફલાઈન ૩૮ વિદ્યાર્થીનીઓ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે સંપન્ન થયો હતો. તારીખ ૩૦-૧૦-૨૦૨૦ના રોજ સરદાર પટેલ વિષયક નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું. જેમાં ૨૦ સ્પર્ધકોએ ભાગ લીધો. તારીખ ૩૧-૧૦-૨૦ના રોજ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આમ વિવિધ કાર્યક્રમો દ્વારા સરદાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી.

k **રીડીંગ કલબ :-**

તારીખ ૩૦-૧-૨૦૨૧ના રોજ 'રીડિંગ કલબ'ની સ્થાપનાની પ્રથમ બેઠકનું આયોજન કૉલેજ હોલમાં કરવામાં આવ્યું. આ બેઠકના સભા અધ્યક્ષ તરીકે શ્રી ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી સભ્યશ્રી પ્રકાશભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર શ્રી નિરૂભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓનાં કર્મચારીઓ તથા પદાધિકારીઓની હાજરીમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રી પ્રવચન કરતા શ્રી પ્રકાશભાઈ પટેલે વાંચેલા કેટલાક સારા પુસ્તકોનો આસ્વાદ કરાવ્યો. શ્રી નિરૂભાઈ પટેલ સાહેબે શિક્ષક માટે વાંચન મહત્વ વિશે અને આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટે સાહિત્યિક વાંચનની વાત કરી હતી. શ્રી પારસભાઈ ડબગરે મહાત્મા ગાંધીજીની આત્મકથા ' સત્યના પ્રયોગો' વિશે શ્રી યોગેશભાઈ પ્રજાપતિએ 'ભારતમાં આધ્યાત્મિકતાની શોધ' શ્રી ભદ્રેશભાઈ પટેલે ગીતાનું સ્થાન, શ્રી તરૂણભાઈ રાવલે વ્યવહારિક જીવનમાં વાંચનનું મહત્વ અને શ્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિએ પુસ્તકોની અગત્યતા અને લાયબ્રેરીની મહત્તા વિશે વાત કરી હતી. આ કાર્યક્રમનું સભા સંચાલન શ્રી જીતુભાઈ પટેલે યોગ્ય દૃષ્ટાંતો દ્વારા સુચારૂ સંભાળ્યું હતું. આભાર વિધી ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ કરી હતી. આજે ગાંધી નિર્વાણ દિન એટલે કે શહીદ દિવસ હોવાથી આ કાર્યક્રમમાં મહાત્મા ગાંધીની પૂણ્યતિથિ અંતર્ગત બે મિનિટનું મૌન ધારણ કરી અને બાપુને શ્રધ્ધાંજલિ આપીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

- તારીખ ૬-૩-૨૦૨૧ના રોજ 'રીડિંગ ક્લબ' પ્રથમ મણકાની બેઠકનું આયોજન લાયબ્રેરીમાં કરવામાં આવ્યું. આ બેઠક સભા-અધ્યક્ષ તરીકે કૉલેજની NAAC કમિટિના કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. તરૂણભાઈ રાવલની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં સાહિત્યકાર તરીકે ડૉ. સોમાભાઈ જી. પટેલને (ગુડ મોર્નિંગ લેખક) આમંત્રિત કર્યા. તેઓશ્રીએ પોતાની લઘુકથાઓ વિશે વાત કરી. સાથે સાથે અન્ય વાંચેલ પુસ્તક ચિત્રલેખા ઉપન્યાસ અને તેમાં નિરૂપિત જીવનદર્શનની રજૂઆત કરી હતી. ડૉ. તુષારભાઈ પંડ્યાએ રશ્મિરથી પુસ્તકની સમીક્ષા કરી હતી જ્યારે વિદ્યાર્થીની કોમલ પી. રાવળે તુલસીદાસ રચિત રામચરિત માનસ વિશે પોતાના વિચાર રજૂ કર્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ સંભાળ્યું હતું. ડૉ. તરૂણ રાવલે અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું.
- તારીખ ૧૩-૩-૨૦૨૧ના રોજ રીડીંગ ક્લબ અંતર્ગત પુસ્તક પરિચય બેઠકનું આયોજન કૉલેજ હોલમાં કરવામાં આવ્યું. આ બેઠકના સભા અધ્યક્ષ તરીકે શ્રી પ્રજ્ઞાબેન પટેલ (આત્મન ફાઉન્ડેશન) અને શ્રી નરહરિભાઈ બારોટની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ડૉ. સોમાભાઈ જી. પટેલ 'ચિત્રલેખા' ઉપન્યાસ, શ્રી હિતેશભાઈ કાથડે 'દો અક્ષર જિંદગી કે' જયશ્રીબેન પટેલે 'દિવાસ્વપ્ન' ઉર્વશીબેને 'અબ્રાહમ લિંકન' શ્રી ચિરાગભાઈ પટેલે 'ગુરૂ રામદાસ' અને શ્રી મુકેશભાઈ પટેલે 'જીત તમારી' પુસ્તકની સમીક્ષા કરી હતી.
- તારીખ ૨૩-૪-૨૦૨૧ના રોજ લાયબ્રેરી વિભાગ અને સંસ્કૃત વિભાગ દ્વારા 'પુસ્તક દિન : પુસ્તક પરિચય' બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સત્યના પ્રયોગો વિશે ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ વિશદ ચર્ચા કરી, ગાંધીજીના બાળપણના પ્રસંગો, સત્યાગ્રહ, દેશની ઉન્નતિ માટેની ખેવના... વગેરે પ્રસંગો જાણે નજર સમક્ષ તરવરી રહ્યા, વેદ સાહિત્ય વિશે પ્રિ.ડૉ. ગાયત્રીબેન બારોટે માહિતી આપી જેમાં ૪ વેદોનું વિભાજન, તેમાં આવતાં વિષયો, વેદોના એક-એક વિધાનમાં વિજ્ઞાનના બીજ રહેલા છે, વિજ્ઞાનના પ્રસ્થાપક ઋષિ મુનિઓ જ છે તેને લગતી વિગતે ચર્ચા કરી. 'કર્ણભાર' વિશે ડૉ. નટવરભાઈ દસલાણિયાએ જણાવ્યું કે ડગલે-પગલે હેરાનગતિ સહન કરતો કર્ણ એક સુપર હીરો બની રહ્યો અને 'સ્વર્ગ યાત્રા' વિશે ડૉ. સોમાભાઈ પટેલે પુસ્તક પરિચય કરાવ્યો. આ સમગ્ર કાર્યક્રમ દિવંગત કે. ડી. પટેલ સાહેબને સમર્પિત કરવામાં આવ્યો.

k **અધ્યાપક સન્માન :**

તારીખ ૧૦-૧-૨૦૨૧ના રોજ કૉલેજના અધ્યાપક ડૉ. સોમાભાઈ જી. પટેલ સાહેબને કાવ્ય ગોષ્ઠીમાં ઉત્તમ પ્રસ્તુતિકરણ બદલ જાગરણ સાહિત્ય સમિતિ, જબલપુર દ્વારા 'જાગરણ કાવ્ય ગૌરવ સન્માન' થી સન્માનિત કરવામાં આવ્યા.

- તારીખ ૨૧-૩-૨૦૨૧ના રોજ કૉલેજના અધ્યાપક ડૉ. સોમાભાઈ જી. પટેલ સાહેબને સાહિત્ય સેવા બદલ વ્રજલોક સાહિત્ય કલા સમિતિ, આગરા દ્વારા'કલમ ગૌરવ' થી સન્માનિત કરવામાં આવ્યા.
- તારીખ ૨૯-૭-૨૦૨૦ના રોજ કૉલેજના અધ્યાપક ડૉ. સોમાભાઈ જી. પટેલ સાહેબને સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ રાજરચના કલા એવમ સાહિત્ય સમિતિ રાયપુર દ્વારા 'રાષ્ટ્રીય પ્રતિભા સન્માન ૨૦૨૦' થી સન્માનિત કરવામાં આવ્યા.

k **વાર્ષિક પારિતોષિક વિતરણ અને બી. એ. સેમેસ્ટર-૬ ની વિદ્યાર્થીનીઓની વિદાય.**

શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના અને S.S.C, H.S.C ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની સાથે નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજની સેમ.-૬ ની વિદ્યાર્થિનીઓનો સંયુક્ત વિદાય સમારંભ દર વર્ષે યોજવામાં આવે છે પરંતુ કોરોના મહામારીના કારણે આ વર્ષે વિદાય સમારંભ યોજવામાં આવ્યો નથી. પરંતુ વિદ્યાર્થિનીઓના સમૃદ્ધ ભવિષ્ય માટેની શુભેચ્છાઓ ઈ-મેઈલ થી તથા વૉટ્સ એપ માં મેસેજ દ્વારા પાઠવવામાં આવી.

k **કોલેજ પરીક્ષા**

ઓક્ટોબર-ડિસેમ્બર : ૨૦૨૦ માં સેમેસ્ટર - ૧, ૩ અને ૫ અને માર્ચ-જૂન : ૨૦૨૧ માં સેમેસ્ટર-૨, ૪ અને ૬ ની યુનિ. દ્વારા લેવાનાર યુનિ. પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થિનીઓની તેવીસમા વાર્ષિક પારિતોષિક વિતરણમાં કેળવણી મંડળ, ગોઝારિયા દ્વારા ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિની બહેનોની યાદી.

k **પરીક્ષા પરિણામ :-**

- **વર્ગવાર પ્રથમ ત્રણ નંબર મેળવેલ બહેનોની યાદી :**
  **બી. એ. સેમેસ્ટર-૧ (ઓક્ટોબર-ડિસેમ્બર : ૨૦૨૦)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૭૫૦ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોકસી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૭૫૦ | ૩૦૦/- | |
| તૃતીય | | ૭૫૦ | ૨૦૦/- | |

- **બી. એ. સેમેસ્ટર-૨ (માર્ચ-જૂન-૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૭૫૦/ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૭૫૦/ | ૩૦૦/- | |
| તૃતીય | | ૭૫૦/ | ૨૦૦/- | |

- **બી. એ. સેમેસ્ટર-૩ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૦)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | દેવડા કાજલબેન અજીતજી | ૬૦૦/૪૯૧ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | નાયક સંગીતાબેન બાબુભાઈ | ૬૦૦/૪૬૮ | ૩૦૦/- | |
| તૃતીય | રાવળ જાગૃતિબેન દેવાભાઈ | ૬૦૦/૪૫૬ | ૨૦૦/- | |

- **બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ-જૂન-૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૬૦૦ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૬૦૦ | ૩૦૦/- | |
| તૃતીય | | ૬૦૦ | ૨૦૦/- | |

- **બી. એ. સેમેસ્ટર-૫ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૦)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | રાવળ કોમલબેન પોપટભાઈ | ૬૫૦/૪૩૨ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | ઠાકોર દક્ષાબેન ગોવિંદજી | ૬૫૦/૪૩૧ | ૩૦૦/- | |
| તૃતીય | રાવળ ધરતીબેન નટવરલાલ | ૬૫૦/૪૩૦ | ૨૦૦/- | |

- **બી. એ. સેમેસ્ટર - ૬ (માર્ચ-જૂન-૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| પ્રથમ | | ૬૫૦/ | ૫૦૦/- | શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| દ્વિતીય | | ૬૫૦/ | ૩૦૦/- | |
| તૃતીય | | ૬૫૦/ | ૨૦૦/- | |

- **વર્ગવાર મુખ્ય વિષયમાં પ્રથમ સ્થાન મેળવેલ બહેનોની યાદી :**

**બી. એ. સેમેસ્ટર-૧ (ઓક્ટોબર-ડિસેમ્બર : ૨૦૨૦)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૨૦૦/ | ૧૭૫/- | શ્રી ગીરીશભાઈ નાથાલાલ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૨૦૦/ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૨ (માર્ચ-જૂન-૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૨૦૦/ | ૧૭૫/- | શ્રી હિંમતભાઈ શંકરભાઈ પટેલ સાહેબ (બાપુ) તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૨૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૨૦૦/ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૩ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૦)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર નિકીતાબેન બાબુજી | ૩૦૦/૨૪૦ | ૧૭૫/- | શ્રી ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી તેમના ધર્મપત્નીની યાદમાં રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | રાવળ જાગૃતિબેન દેવાભાઈ | ૩૦૦/૨૦૪ | ૧૭૫/- | |
| ગુજરાતી | દેવડા કાજલબેન અજીતજી | ૩૦૦/૨૪૫ | ૧૭૫/- | |
| હિન્દી | ચાવડા ભૂમિબેન ભૂપતજી | ૩૦૦/૨૩૨ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ - જૂન - ૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૩૦૦/ | ૧૭૫/- | મહેરિયા ચંચળબેન ગંગારામ હસ્તે શ્રી રમેશભાઈ મહેરિયા તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૩૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૩૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૩૦૦/ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૫ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૦)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર વસંતીબેન ઈશ્વરજી | ૫૦૦/૩૪૫ | ૧૭૫/- | દિપેશકુમાર ભીખાભાઈ પટેલ ના સ્મરણાર્થે શ્રી ભીખાભાઈ મણીલાલ ગણેશદાસ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | ચાવડા રક્ષાબેન નરપતસિંહ | ૫૦૦/૩૦૨ | ૧૭૫/- | |
| ગુજરાતી | રાવળ ધરતીબેન નટવરલાલ | ૫૦૦/૩૨૫ | ૧૭૫/- | |
| હિન્દી | રાવળ કોમલબેન પોપટજી | ૫૦૦/૩૪૯ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૬ (માર્ચ-જૂન-૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| સંસ્કૃત | | ૫૦૦/ | ૧૭૫/- | દિપેશકુમાર ભીખાભાઈ પટેલ ના સ્મરણાર્થે શ્રી ભીખાભાઈ મણીલાલ ગણેશદાસ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી |
| અંગ્રેજી | | ૫૦૦/ | ૧૭૫/- | |
| ગુજરાતી | | ૫૦૦/ | ૧૭૫/- | |
| હિન્દી | | ૫૦૦/ | ૧૭૫/- | |

- **વર્ગવાર પ્રથમ ગૌણ (મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર) વિષયમાં પ્રથમ સ્થાન મેળવેલ બહેનોની યાદી બી. એ. સેમેસ્ટર-૨ (માર્ચ-જૂન-૨૦૨૧)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| મ.વિજ્ઞાન | | ૨૦૦/ | ૧૭૫/- | શ્રી ભોગીલાલ રતનદાસ પટેલ તરફથી રૂા. ૫,૦૦૦/-ના વ્યાજમાંથી |
| સ.શાસ્ત્ર | | ૨૦૦/ | ૧૭૫/- | |

- **બી. એ. સેમેસ્ટર-૩ (ઓક્ટોબર-ડિસેમ્બર-૨૦૨૦)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ | ઈનામના દાતાશ્રી |
|---|---|---|---|---|
| મ.વિજ્ઞાન | પટેલ ધર્મિષ્ઠાબેન ગાંડાભાઈ | ૨૦૦/૧૩૪ | ૧૭૫/- | શ્રી ભોગીલાલ રતનદાસ પટેલ તરફથી રૂા. ૫,૦૦૦/-ના વ્યાજમાંથી |
| સ.શાસ્ત્ર | પ્રજાપતિ પ્રિયંકા બકાભાઈ | ૨૦૦/૧૪૨ | ૧૭૫/- | |

k **આર્થિક સહાય :-**

- શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- ના વ્યાજમાંથી કૉલેજની વિદ્યાર્થિનીઓને વિવિધ પ્રવૃત્તિઓ માટે યુનિ. કક્ષાએ રમત-ગમત તેમજ યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનારને રૂા. ૫૦૦/- ઉપરાંત તેમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનારને રૂા. ૧,૦૦૦/- ના ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. નેટ/સ્લેટ પરીક્ષા પાસ કરનાર અધ્યાપકને રૂા. ૧,૦૦૦/- નું ઈનામ આપવામાં આવે છે.

  ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન કૉલેજની પ્રવૃત્તિઓ, ઈનામ વિતરણ વગેરે માટેની નીચેની વિગતે આર્થિક પ્રોત્સાહન રૂપે સહાય મળી.

- શ્રી અશોકભાઈ જી. પટેલ માજી પ્રમુખ, રોટરી કલબ, ગોઝારિયા તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી રમત-ગમત ક્ષેત્રે આંતર યુનિ. કક્ષાએ પસંદગી પામેલ અને માત્ર ભાગ લીધો હોય તેવી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા અને આવશે.
- શ્રી મણીલાલ શંકરદાસ પટેલ તરફથી વાર્ષિક પરીક્ષામાં યુનિ. કક્ષાએ પ્રથમ નંબર આવનારને રૂા. ૫૦૧/- ઈનામ આપવામાં આવશે.
- કૉલેજના કન્વીનરશ્રી પ્રા. મનુભાઈ પટેલ તરફથી રમત-ગમત ક્ષેત્રે આંતર યુનિ. કક્ષાએ પસંદગી પામેલ પ્રત્યેક વિદ્યાર્થિનીને રૂા. ૨૫૧/- ના ઈનામ આપવામાં આવશે.
- કૉલેજના પૂર્વ પ્રિ. રવિન્દ્રપાલસિંહ રાણા તરફથી તેમનાં ધર્મ પત્ની સ્વ. ક્રિષ્ણાકુમારીજીની યાદમાં કૉલેજને રૂા. ૭૫,૦૦૦/- નું દાન રોકડ સ્વરૂપમાં મળેલ છે. આ રૂપિયા ૭૫,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે બી. એ. સેમ.-૬ ની પ્રથમ ત્રણ બહેનોને ૧૫ મી ઓગસ્ટના રોજ 'રૌપ્યચંદ્રક' આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- દિપેશકુમાર ભીખાભાઈ પટેલના સ્મરણાર્થે શ્રી ભીખાભાઈ મણીલાલ ગણેશદાસ પટેલ તરફથી રૂા. ૨૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી ગીરીશભાઈ નાથાલાલ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી હિંમતભાઈ શંકરલાલ પટેલ સાહેબ (બાપુ) તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.

- શ્રી ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી તેમના ધર્મપત્નીની યાદમાં રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- મહેરિયા ચંચળબેન ગંગારામ હસ્તે શ્રી રમેશભાઈ મહેરિયા તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી ભોગીલાલ રતનદાસ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી દર વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.
- શ્રી ઈશ્વરભાઈ પટેલ (ખજાનચી, કેળવણી મંડળ) તરફથી સેમેસ્ટર-૬ માં કૉલેજ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારને રૂપિયા ૫૦૧/-, ૨૫૧/- અને ૧૫૧/- નું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી અને આવશે.

કૉલેજના રોજબરોજના કામકાજમાં અને વહીવટમાં મંડળના મહાનુભાવોના સાથસહકાર મળ્યો છે. આ મંડળ સંસ્થાના કામકાજમાં હંમેશા મદદરૂપ બન્યા છે. અને શ્રી ગોઝારિયા કેળવણી મંડળના પ્રમુખશ્રી કે. કે. પટેલ સાહેબ પોતાના કામકાજમાં વ્યસ્ત રહેવા છતાં કૉલેજના સમાચાર મેળવી પ્રોત્સાહન આપતા રહ્યા છે. મંડળના અધ્યક્ષશ્રી હિંમતભાઈ પટેલ સાહેબ (બાપુ) કૉલેજના વિકાસ માટે તથા કોઈપણ સમસ્યા માટે સાથ-સહકાર આપી કૉલેજ સારી રીતે ચાલે એવી પ્રેરણા આપતા રહ્યા છે. શ્રી કે. ડી. પટેલ સાહેબની કામગીરી આ સંસ્થા માટે એક કરોડરજ્જુ સમાન છે. કોલેજમાં કોઈ માર્ગદર્શનની જરૂર હોય, કોઈ વ્યવસ્થા કરવી હોય કે કોઈ મુંઝવણ હોય શ્રી કે. ડી. પટેલ સાહેબ અડીખમ પડખે ઊભા રહે. કોલેજના કામકાજમાં જે સરળતા રહે છે તેનો બધો યશ તેમના ફાળે જાય છે. મંડળના અન્ય હોદ્દેદારો, શ્રી પ્રા. મનુભાઈ પટેલ, પ્રા. અશોકભાઈ જી. પટેલ ઉપરાંત ઈશ્વરભાઈ પટેલ, મણીલાલ પટેલ, જયંતિભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ (રામ), શૈલેષભાઈ પટેલ (મંત્રી) તથા અન્ય મહાનુભાવો વગેરેનો સાથ સહકાર મળતો રહ્યો છે. તેવા સર્વેનો આભારી છું. વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા ઈનામી યોજના અને ભોજનદાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આભાર...

**ડો. ગાયત્રીબેન સી. બારોટ**
ઈન્ચાર્જ આચાર્યશ્રી,
નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયા

# શ્રી ગોઝારિયા કેળવણી મંડળ, ગોઝારિયા સંચાલિત
# શ્રી કે. કે. પટેલ વિદ્યાર્થી સહાયક યોજના

શ્રી ગોઝારિયા કેળવણી મંડળના અષ્ટ્ દશાબ્દી મહોત્સવ વર્ષના પ્રારંભે ટ્રસ્ટની મિટિંગમાં આપણી શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને મંડળ દ્વારા સહાયભૂત થવાની લાગણી સૌ ટ્રસ્ટીઓએ વ્યક્ત કરી. તે અનુસંધાને મહોત્સવની અપીલમાં રૂપિયા પચ્ચીસ લાખના દાન સાથે વિદ્યાર્થી સહાયક યોજના માટે ફંડની અપીલ કરવામાં આવી હતી. પ્રમુખશ્રી કે. કે. પટેલના રૂા. ૨૫,૦૦,૦૦૦/- ના આર્થિક સહયોગથી 'શ્રી કે. કે. પટેલ વિદ્યાર્થી સહાયક યોજના' શરૂ થયેલી છે.

આ ફંડમાં કુલ રૂા. ૭૯.૮૬ લાખ દાતાશ્રીઓએ જાહેરાત કરી છે. જે પૈકી અત્યાર સુધીમાં લગભગ સિત્તોતેર લાખની રકમ જમા થયેલી છે. સદર ફંડના વાર્ષિક વ્યાજની આવકમાંથી શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત તમામ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચાલુ સાલે નીચે મુજબ સહાય ચુકવવાનું આયોજન કરેલ છે. શ્રી કે.કે. પટેલ તેમજ ડૉ. ચિત્તરંજનભાઈ પટેલ (વામજ-યુ.એસ.એ.), શેઠશ્રી કરશનભાઈ પટેલ (નિરમા લિ.), શ્રી નથ્થુભાઈ હાલદાસ પટેલ પરિવાર, શ્રી જીવણલાલ ચૂનીલાલ શાહ, શ્રી અશ્વિનભાઈ સોમનાથ પટેલ, શ્રીમતી કમળાબેન બેચરભાઈ સોમનાથ પટેલ તથા તમામ શૈક્ષણિક સંસ્થાઓના કર્મયોગી પરિવાર (સ્ટાફ) વગેરેનો સહયોગ બદલ ખુબ ખુબ આભાર.....

| ક્રમ | સંસ્થાનું નામ | લાભાર્થી સંખ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી જમનાબેન કાનજીભાઈ પટેલ પ્રાથમિક શાળા, ગોઝારિયા | ૧૦ (ફી સહાય) | ૪૦,૭૭૮ |
| ૨ | શ્રી સોમાભાઈ ડોસલદાસ પટેલ ઉચ્ચ પ્રા. શાળા, ગોઝારિયા | ૩૬ (કોમ્પ્યૂટર ફી) | ૧૮,૦૦૦ |
| ૩ | શ્રી ખોડાભાઈ કાળીદાસ પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ, ગોઝારિયા | ૩૨ (બે જોડી ગણવેશ) | ૩૬,૧૦૦ |
| ૪ | શ્રીમતી એમ. કે. પટેલ હાઈસ્કૂલ અને<br>શ્રીમતી એ. એસ. જે. પટેલ હા.સે.સ્કૂલ, ગોઝારિયા | ૭ (એક જોડી ગણવેશ)<br>૭ (વિ.પ્રવાહ કોચીંગ ફી) | ૬,૫૪૮<br>૩૫,૦૦૦ |
| ૫ | શેઠશ્રી બી.કે. એન્ડ જી.કે.પટેલ ઔ. તા. સંસ્થા સ્વનિર્ભર, ગોઝારિયા | ૨૦ (ફી સહાય)<br>૨૪ (ફી સહાય) | ૧,૦૦,૦૦૦<br>૨૪,૦૦૦ |
| ૬ | શ્રી ગૌરવકુમાર જયંતિભાઈ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલ, અંગ્રેજી માધ્યમ, ગોઝારિયા (KG I & II) | ૧ (ફી સહાય) | ૩,૦૦૦ |
| ૭ | શ્રીમતી ગીતાબેન જયંતિભાઈ પટેલ-પ્રાયમરી સ્કૂલ, અંગ્રેજી માધ્યમ, ગોઝારિયા | ૪ (ફી સહાય) | ૨૬,૫૦૦ |
| ૮ | નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા | ૭ વિદ્યાર્થિનીઓ | ૫,૭૦૦ |
| | | કુલ સહાય... | ૨,૯૫,૬૨૬ |